સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

સલામી સવારની..

ગેસના ભાવ વધારામાં જિંદગી કાટી લ્યો!
ચોરી-લૂંટ-અપહરણે, જિંદગી વાટી લ્યો!
ચાટી લ્યો ઘંટી, આટો તો છે અંબાણીઓ માટે -
દેવામાં ડૂબ્યું છે રાજય સુખની આશા દાટી દો!

હાઈકુ

જાહેરાતો થી-
આપણે તો રોજનું-
એપ્રિલફૂલ!!
(વાયદા ને વચનો)

જાંબાઝ સેના-
કરે છે પ્રેકટીશ,
અંદરોંદર..
(ફાટફૂટ-જાસૂસી-આરોપો)

ચિંતન

**નરાઃ સંસ્કારાહાં જગતિ કિલ કેચિત્સુકૃતિનઃ અમાનાયાં જાત્યામપિ વયસિ સત્યાં પરધિયઃ ।
અયં દૃષ્ટાંતો અત્ર સ્ફૂટ કરગતો અત્યભ્ય સનતઃ શુકઃ શ્લોકન્વકતું પ્રભવતિ ન કાકઃ કચિદપિ ॥**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક જન્મજાત સંસ્કારનું મહત્ત્વ સમજાવે છે :-

સમાન જાતિ અને સમાન વય હોવા છતાં (સમાન શિક્ષણની તકો અને વાતાવરણ હોવા છતાં) આ જગતમાં કેટલાંક ઉત્તમ બુધ્ધિવાળા પુણ્યશાળી જનો જ સંસ્કાર અથવા શિક્ષણને માટે યોગ્ય હોય છે (અર્થાત શિક્ષણને દિપાવી શકે છે) આમાં આપણાં હાથમાં દીવો હોય તેમ દીવા જેવું સ્પષ્ટ દૃષ્ટાંત એ છે કે ખૂબ અભ્યાસ-તાલીમ આપવા છતાં જેવી રીતે પોપટ રામનામ-શ્લોક બોલી શકે છે પણ કાગડો કદી પણ એ માટે સમર્થ થઇ શકતો નથી.. અહીં પોપટનો જન્મ સંસ્કાર, વય, વાતાવરણ સરખાં હોવા છતાં કાગડા પર એની કંઇ જ અસર થતી નથી.

પારિવારિક-જાતિ-કૂળ અને પૂર્વજન્મના જો સંસ્કાર ન હોય તો વિદ્યા-અભ્યાસ-જ્ઞાન ચડતું નથી.. સરકાર ગમે તેટલી પ્રોત્સાહક યોજનાઓ કરે, સાધનો આપે, સુવિધાઓ આપે શિષ્યવૃત્તિઓ આપે, પણ પાત્રમાં પાત્રતા ન હોય તો સમાનતાનું વાતાવરણ દેખાતું હોવા છતાં પણ એકનું શિક્ષણ દીપી ઉઠે બીજો અબૂધ જ રહે - અહીં પોપટ અને કાગડાના દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

સુવિચાર

- પ્રવૃત્તિ, પ્રત્યેક માટે પ્રાણરક્ષક છે - જ્યોર્જ બી. એમર્સન
- જે માણસના હાથમાં એક કારીગરીનું કૌશલ્ય છે એની પાસે જાગીર છે - ફ્રેંકલીન
- સહનશીલપણું એ સંતોષની ચાવી છે - રિચર્ડ
- પરનિંદારૂપી પરાયા ખેતરમાં ચરતી વાણીરૂપી ગાયને રોકો- રવિશંકર મહારાજ
- સત્યને બહુમતિ સાથે કશો સંબંધ નથી - ગાંધીજી
- ઉત્તમ મન શરીરને પણ ઉત્તમ બનાવે છે - શેક્સપિયર
- હાસ્ય એટલે ગળામાં રોકી રાખેલું ડૂસકું - ડેવિડ હાર્ટલે

બોધકથા

ધર્મમાં શ્રધ્ધા-આસ્થા-વિશ્વાસ હોવાં એ, એ એક વાત છે પણ માત્ર મારો જ પંથ-સંપ્રદાય-પરિવાર-મંડળ જ સાચાં અને બીજાં બધા ખોટાં એવી કક્કરતા ખરાબ, કેટલાક તો સામાન્ય વ્યવહારમાં જયકારથી બોલાવીએ તો પણ માત્ર પોતાના જ સંપ્રદાયની જય બોલે, એ ભગવાનને પણ ગમતું નથી. સર્વધર્મ પ્રત્યે સાનુકૂળ રહેવું, માન આપવું. કોઇ પંથ-સંપ્રદાય નીચો નથી.

સંત રામાનુજાચાર્ય શરૂઆતની યુવાવસ્થામાં હિંદુ ધર્મના માત્ર પોતાના પંથ પર ચુસ્ત હતા અને માત્ર તેનો જ પ્રચાર કરતા, એટલું જ નહીં ધર્મની ચર્ચા સભાઓ યોજી ખંડન-મંડનની દલીલો દ્વારા માત્ર પોતાનો જ મત પ્રસ્થાપિત કરતા.

એકવાર સવારે પોતાની સાકાર મૂર્તિપૂજાની સ્નાનવિધિ કરતા હતા, ત્યાં મૂર્તિની પીઠ પર લોહી નીકળતું જોયું, રામાનુજ આવો ચમત્કાર જોઇ ધ્રુજી ઉઠ્યા અને એમનાથી બોલાઇ જવાયું, 'અરે પ્રભુ આ શું? આપની પીઠ પરથી લોહી કેમ નીકળે છે? આવો અત્યાચાર કોણે કર્યો? મને એનું નામ આપો, હું એને જોઇ લઇશ!'

ભગવાને તરત જવાબ આપ્યો : ભક્ત રામાનુજ! હા મને ઘાવ પડ્યો છે પણ એ ઘાવ તેં જ કર્યો છે! સંત રામાનુજ કહે, ભગવાન, આવું કૃત્ય હું કેમ કરું? મને સમજ નથી પડતી.. સમજાવો! ભગવાન કહે, જો તું ભક્તિના પ્રચારમાં ખંડન-મંડન કરે છે એને કારણે મારા ધર્મ-પંથોના ભક્તના હૃદયમાં ઘાવ પડે છે જેનું લોહી અહીંથી ટપકે છે..

..પછીથી રામાનુજાચાર્યે સર્વધર્મ પ્રચાર કર્યો.

શિક્ષણ પરીક્ષાલક્ષી નહિ, પણ વિકાસલક્ષી બનાવીએ

તંત્રી સ્થાનેથી...

રાજયભરમાં પરીક્ષાની મોસમ પૂરબહાર ખીલી છે. શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ આરંભાઈ છે. ધોરણ-૧૦, ૧૨ ની પરીક્ષાઓ સંપન્ન થઈ. ધોરણ-૧૧ ની પરીક્ષાઓ બે અઠવાડિયા બાદ લેવાશે. મહાશાળાઓમાં પણ પરીક્ષાઓ આરંભાઈ છે. આમ સાર્વત્રિક પરીક્ષા - પરીક્ષા - પરીક્ષા. પરીક્ષાનો હાઉ દિન-પ્રતિદિન વધતો જાય છે. શિક્ષણમાં સ્પર્ધાનું તત્ત્વ ભારે છે. આપણી પ્રવેશ પધ્ધતિ ટકા આધારિત છે, એટલે "ટકા" ની બોલબાલા છે. ખાસ કરીને ધોરણ-૧૦ અને ૧૨માં ટકા માટે એડી ચોટીનું જોર લગાવાય છે. હવે તો K.G. થી લઈ P.G. સુધી ટકાનો મહિમા છે.

આપણી શિક્ષણ વ્યવસ્થા વિકાસલક્ષીને બદલે પરીક્ષાલક્ષી વધુ બની ગઈ છે. કેટલું અને કેવું ભણ્યા એના કરતા કેટલા ટકા આવ્યા એ સવાલ શિક્ષણ માટે કૂટપટ્ટી બની ગયો છે. ગાંધીજીના મત અનુસાર કેળવે તે કેળવણી, અને સ્વામી વિવેકાનંદની વિચારધારા મુજબ આંતરિક શક્તિનું પ્રગટીકરણ તે શિક્ષણ છે. અને વાત સાચી છે, આપણી શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તનની આવશ્યકતા છે. આઝાદીના સાડા છ દાયકા બાદ આપણે શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવી શક્યા નથી. હા, થાગડ-થીગડ પ્રયાસો ખૂબ કર્યાં છે. થીગડા ખૂબ માર્યા છે. બાળકો ઉપર પ્રયોગ ખૂબ થયા છે. ક્યાંક સફળ થયા છે, ક્યાંક નિષ્ફળ થયા છે. પરંતુ હવે જરૂર છે મૂળભૂત પધ્ધતિમાં પરિવર્તનની. સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને શિક્ષણનો આખો અભ્યાસક્રમ નિયત થવો જોઈએ. જીવનમાં વિકાસલક્ષી શિક્ષણ અપાવવું જોઈએ. શાળાના ચાર દિવાલના ઓરડામાં અપાતું પુસ્તકીય શિક્ષણ વિકાસને કુંઠિત કરે છે. જીવનમાં ડગલેને પગલે ઉપયોગી બને એવું વાસ્તવલક્ષી જીવન ઘડતરનું શિક્ષણ અપાવવું જોઈએ. ભણતર એ જીવન ઘડતરની મહત્ત્વની ભૂમિકા છે. એટલે જીવનના સર્વાંગી વિકાસના હાર્દ અને હેતુ સાથેની શિક્ષણ વ્યવસ્થા નવેસરથી વિચારવી જોઈએ.

કશું જ નહીં માત્ર ઊંઘવુ છે... કેવળ નિદ્રા...

વિચાર યાત્રા

- જય ઓઝા

હું મારું શરીર છું. અને મારું શરીર દુઃખી છે અને કંટાળેલું છે. હું અઠવાડિયા સુધી, મહિના સુધી સૂઇ રહેવા તૈયાર છું. મારી સાથે વાત ન કરશો.

મારી આંખો ખૂલે ત્યારે બાળકો મોટા થઈ ગયા હોય. અને કદાચ બધી વસ્તુઓએ સ્મિત સજાવ્યું હોય.

ઉઘાડા પગે ઠંડીમાં પગલાં પાડવાનું મારે માંડી વાળવું છે, મારી ઉપર બધુયે ફેંકો જેમા ઉષ્મા હોય, ચાદરો, ધાબળાઓ, થોડાક કાગળો અને સ્મૃતિઓ અને બધા જ દરવાજા બંધ કરો જેથી મારું એકાંત નાસી ન છૂટે.

મારે મહિના સુધી વરસ સુધી સૂવું છે. અને જો હું ઊંઘમાં વાત કરું તો મારા તરફ ધ્યાન ન આપશો, જો હું કોઇક નામ દઉં કે રાવ - ફરિયાદ કરું. મારે તમને પ્રતીતિ કરાવવી છે કે હું દટાયેલો છું, અને મારા કયામતના દિવસ સુધી તમે કાંઇ ન કરી શકો.

હવે મારે વરસભર સૂવું છે. કશું જ નહીં કેળવ ઊંઘ.

- જેક્સ સેબિન્સ

વ્યક્તિ માત્ર અજંપાની ભાગવા મથે છે... અને એટલા માટે જ તે શાંતિ મેળવવાના ઠાલા પ્રયત્નો આદરે છે... વિશાળ દુનિયામાં આમ-તેમ ભટકાતા માણસોની ભીડ વધી રહી છે... મહાનગરોમાં માણસોનો દરિયો વહી રહ્યો છે. બધા ભીડમાં ચાલે છે, એકબીજાને અથડાતા જાય છે, પણ કોઇ સાથે ચાલતું નથી... માણસોમાં માણસાઇ મીસીંગ છે.

માણસ આટલા બધા માણસોની વચ્ચે સાવ એકલો છે, એકલવાયો છે... આખા દિવસની રૂટીન દિનચર્યાથી કંટાળો આવે છે, રોજ એનું એ જ ૧૫૦ ગ્રામ સ્મિત લોકોનો અહેસાસ વાળા ચહેરા સાથે ફરવું બોજ લાગે છે, અણગમતા લોકોનો સહવાસ અને જીવનની મેરેથૉનમાં પાછળ ન રહી જઇએ તેની ચિંતામાં તમે અને હું દોડતા દોડતા એક ચોક્કસ તબક્કે આવીને તંગ થઇ જઇએ છીએ... અને હૃદયમાંથી એક ટીસ નીકળે છે કે - બસ!

શા માટે મૂંઝવણ અનુભવીએ છીએ તેની ખબર નથી, તેની વળી અલગ મૂંઝવણ છે. લગ્નપ્રસંગ હોય, શરણાઇ વાગતી હોય, પ્રત્યક્ષ રીતે તો આનંદિત વાતાવરણ છે... પરન્તુ અંદરથી કંઇક ખળભળાટ અનુભવાય છે... અને પછી એકલતામાં સરી પડાય છે. ત્યારબાદ આ એકલતાને દૂર હટાવવાના પ્રયત્નોમાં અટવાયા કરીએ છીએ... સિગારેટ, ચા, કૉફી, પાર્ટી, ડાન્સ, પિક્ચર આ બધા એકલતાને દૂર કરવાના ક્ષણિક સાધનો બની રહે છે...

જયારે જયારે એકલતાને દૂર કરવાની મથામણ કરીએ છીએ ત્યારે એ મથામણના અંતે માણસ વધુ પડતો એકલો થઇ જાય છે...

ભૂતકાળના વિચારો, વર્તમાનની મૂંઝવણ અને ભવિષ્યની ચિંતા કરતા આપણે ટળવળતા રહીએ છીએ... એકલતાની પાછળ ઘણીયે વાર ચોક્કસ કોઇ આપી શકાય તેવું કારણ નથી હોતું.

ટેન્શન અને ઉદ્વેગ ઘણીવાર મન અને હૃદય પર એવો કબ્જો કરી લે છે કે માનસિક થાકના કારણે ક્યાક ભાગી છૂટવાનું મન થઇ આવે છે... એવું મન થાય છે કે, મોબાઇલના કરવેજ ક્ષેત્ર અને લોકોની અપેક્ષાઓના વિષચક્રના કવરેજ ક્ષેત્રની બહાર ક્યાંક શાંત અને વસ્તી શૂન્ય સ્થલે જઇને નિરાંતે ઊંઘી જઇએ...

ત્રાસી જઇને કંટાળી જઇને હાશ... કારો મળે એવી જગ્યાએ જઇને ફક્ત પોતાની જાત સાથે હોય તેવા માહોલમાં નિંદ્રા માણવાની મજા પણ અનોખી છે...

એકાંત એ એકલતાને દૂર કરવાનો રામબાણ ઇલાજ છે... જોસેફ રાઉફસે કહ્યું છે કે - 'એકલતા મારી નાખે છે... એકાંત સજીવન કરે છે...'

એકાંતમાં માનવી પોતાની જાત સાથે સંવાદ કરીને કપરામાં કપરી ક્ષણોનો ઉકેલ મેળવી શકે છે... એકલતામાં આપણે ઉપરથી શાંત દેખાઇએ છીએ પરંતુ અંદરથી શોર-બકોર બરાડા પાડતો હોય છે... જયારે આનાથી તદ્દન વિપરિત એકાંતની સ્થિતિમાં બહારનો પુષ્કળ ઘોંઘાટ પણ આપણને ચલિત કરી શકતો નથી...

ઉપરનાં ગદ્યકાવ્યમાં કવિ વરસભર ઊંઘવાની વાત કરે છે, તે ખરેખર એકાંતમાં સ્વયં સાથે સંવાદની વાત જ છે... આ ઉપરાંત બીજો પણ એક શબ્દ છે - જે શ્રી ચંદ્રકાન્ત બક્ષીએ આપ્યો છે... એ શબ્દ છે - બેકલતા.

એક દુઃખી માણસ કરતા, બે દુઃખી માણસોની સ્થિતિ હંમેશા સારી હોય છે.. બેકલતા એ એકલતાનો જ પર્યાય છે, પરંતુ એવા કજોગ કે જે જીવનભર પરાણે એકબીજાનો ભાર વેંઢારે રાખે છે, અને સમાજની અને પરિવારની શરમે અણગમતા વ્યક્તિ સાથે સમાધાન કરીને જીંદગી પૂરી કરી નાખવાનો શિષ્ટાચાર કરે છે... આ બેકલતા છે. બંને દુઃખી છે... પરંતુ સાથે નથી... આ બેકલતા વધારે ખતરનાક છે...

બે સહૃદયી લોકો દુઃખી હોય અને સાથે હોય તો એકબીજાને હિમ્મત આપે છે... સધિયારો આપે છે, પરંતુ બે વ્યક્તિ એકબીજાને કારણે જ દુઃખી હોય અને પછી બંને વચ્ચે જે શૂન્યાવકાશ સર્જાય છે તે બેકલતા છે... આપણે ત્યાં પડ્યું પાનુ નિભાવી લેવાની વૃત્તિને કારણે આવા (સ)જોડા ઘણા જોવા મળે છે...

એકલતા એ છે કે જયારે દુનિયા તડીપાર કરી દે અને રઘવાયાની જેમ ઘૂમરાયા કરીએ, અને એકાંત એ છે કે જયારે આપણે દુનિયાને દૂર હડસેલીને નિજ સાથે સ્વયં સાથે વાર્તાલાપ કરીને સ્વસ્થ થઇને ફરી ચેતનવંતા બનીએ...

●●●

લોકોને - સ્વજનોને - આત્મીજનોને દરગુજર છે કે મારી ઊંઘ દરમ્યાન મારી પર વરસાદ કરવો હોય તો લાગણીઓનો, સંવેદનાઓનો કરજો... થોડી ઉષ્મા ઢોળજો... પરંતુ પ્લીઝ વાક્‌બાણો અને અખૂટ અપેક્ષાયુક્ત કટાક્ષો દ્વારા સોયા ભોંકીને જગાડતા નહીં.

- jayuoza@gmail.com

શબ્દસેતુ

સંપાદક : ભાનુપ્રસાદ પુરાણી

અરસપરસ

મિત્રો!

સવારના ઊઠતાં જ છાપું જોઇ લેવાની ટેવ મૂઇ ભૂંડી! તમનેય અનુભવ તો હશે જ? વાત જામે એમ બની કે 'આપણું પોતાનું અખબાર' કહેતાં 'ગાંધીનગર સમાચાર' ઊઘડતાં જ ઊઘડતાં સમાચાર હેયું હરખાવે તેવાં કે 'ગુજરાતમાં પેટ્રોલની કિંમતમાં એકાએક રૂપિયા ૧૫ નો ઘટાડો' આપણે ગુજરાતીઓ તો રહ્યા હરખપદુડાને હું એમાં પાક્કો ગુજરાતી! 'જય જય સ્વર્ણિમ ગુજરાત' કરતોક કેરબો લઈ દોડવા જતો હતો પેટ્રોલ લેવા ત્યાં એકવીસમી સદીમાં જન્મેલો અને સાબરમતીનું ચોખ્ખું પાણી પીધેલો મારો પૌત્ર બોલી ઊઠ્યો, ''દાદા! ખમ્મા કરો! ખબર છે, આજે એપ્રિલ ફૂલ છે?'' હૈંયે હાયકારો પડ્યો. કંઇક છોભીલો ય પડ્યો. પણ આવું તો કાયમનું થઇ ગયું છે ગુજરાતમાં, જાણી શાંત થયો.

સાચું કહેજો આપણે ભોળા લાગતા પણ છેલછબીલા એવા ગુજરાતીઓ કાયમથી જ એપ્રિલ ફૂલ નથી બનતા આવ્યાં? બાકી ગોવા જેવું નાનકડું રાજય, ગુજરાત અને ગોવા બંનેમાં સરકારો પણ એક જ પક્ષની. બંને રાજયોનાં નામનો પ્રથમ અક્ષર પણ 'ગ' ને તોય ગોવામાં પેટ્રોલ સસ્તું?

વાત એમ છે કે જેમને હૈયે રાજયની પ્રજાનું - સામાન્ય માણસોનું હિત વસેલું હોયએ 'વૅટ'ના દરમાં ઘટાડો કરી કે 'વૅટ' રદ્દ કરી ચીજ-વસ્તુઓના ભાવ ઓછા આણે પણ આપણા હાકેમ રહ્યા વિકાસ દૃષ્ટા, ગુજરાતના વિકાસનો ખ્યાલ એમનો આગવો ને એમનું ગુજરાતે આગવું! બે-ચાર ઉદ્યોગપતિઓને પૂછવું પડે ને ભૈલા!

ગાંધીનગરની તો રૂખ જ જુદી છે જેટલા માણસો એથી વધારે વાહનો. બાળકો બે બસ ચાલે પણ વાહનો માણસોથી યે વધુ જોઇએ. એટલા માટે તો ફોરલેન ને હવે સીક્સ લેન રસ્તાઓ બની રહ્યા છે ને? પણ ખાનગીમાં એક વાત નક્કી - ગાંધીનગરા બધા રહ્યા દેવાળિયા! મકાનના માટે લૉન, વાહન માટે લૉન, લૉન મેળની જીવવું એને ય સ્ટેટસ ગણે? 'દેવું કરીને ઘી પીવો એના જેવું જ તો? ...ને પાછા મોંઘવારીની બૂમો ય પાડે!! ઊંચા પગારો અને ઊંચા મકાનો, ઊંચી હૉટલો અને ઊંચા દવાખાનાં! અહીં રવિવાર એટલે મજા. મજા ભૈ મજા! ઘેર ખાય એ ઝેર ખાય ને પછી સોમવારથી દવાખાનાં સઘળાં ઉતારાય દરદીઓથી...!

એક પીઢ રાજકારણીઓ કહેતા કે ડાયાબિટીઝ થાય તે પછી જ તે સાચો રાજકારણી કહેવાય. બધા ય એવા રાજકારણીઓને ડાયાબિટીઝ જેવો રાજ-રોગ. હવે તો રાજકર્મીઓ ડાયાબિટીઝ હોવાનું પણ ગૌરવ અનુભવે છે. કહેતાં ગૌરવ પણ અનુભવે છે, ખાધાં પહેલાં અને ખાધા પછી સવાર... બપોરે ને સાંજ બબ્બે ગોળીયો લઇ લઉં છું...! બાકી, ગાંધીનગરમાં ત્રણ ધંધા ચાલે (૧) ખાણી-પીણીનો (૨) જમીન-મકાન લે-વેચનો (૩) અને દવાખાનાનો, તમને થશે કે દાકતરી ધંધો તો સેવાનો ગણાય એને ધંધો કહેવો કેટલું ખરાબ. કમસે કમ તમે એને વ્યવસાય તો કહો!

તમે માંદા પડ્યા છો કોઇવાર! રામ ના કરે ને એવું બને. રોગ કયો છે એની અકળતામાં પ્રયોગો કરતાં અઠવાડિયું લાગે! એ દરમિયાન 'વાયરલ, કે ઇન્ફેકશન' નામે ચાલે. બે-ચાર અલગ અલગ લૅબોરેટરીઓમાં એક્સ-રે, બ્લડ ટેસ્ટ - યુરિન ટેસ્ટ થાય, કશુંય કળાય, કશુંય ના પણ કળાય. એક-બે ડૉક્ટરો બદલાય. બન્નેના અકળ અને અલગ નિદાન વચ્ચે - પ્રયોગો અને સંશોધનો વચ્ચે મોંઘીદાટ ફી અને દવાઓનો ખર્ચ થયો જાણી મરીઝનો રોગ પણ મટી જાય. પહેલાં તો દાકતરનું ઘર એ જ દવાખાનું. કાચની એકાદ બોટલમાં લાલ-પીળું પ્રવાહી - દવા નામે જ એકાદ-બે ગોળીયો આપે ને રોગ મટતો, હવે તો દરદ પણ હટીલા માણસની જેમ હઠવાનું નામ ન નથી લેતો. પાંચ-સાત માળ ઊંચી હૉસ્પિટલમાં દાખલ થવું અને ત્યાંનું મોંઘુ મસ બિલ ભરવું એ ય સ્ટેટસ જ ને?

વાત દવાખાનાની જ કેમ કરું? સાચું કહેજો તમારો પાલ્ય કે દીકરો-દીકરી ઓણ સાલ કયા ધોરણમાં પાસ થયો? એડમિશન મેળવી લીધું? સવાલ બહુ મોટો, નર્મદા બંધની ઊંચાઇ જેવો!! તમારો અનુભવ કહેશે, એડમિશન લેવું એમ સહેલું છે? ભાઇ!! સરકારી શાળાઓની પાટલીઓ ખાલી ને ખાનગી શાળાઓ એ.સી.થી ઉભરાય છે. શાળાઓમાં દવાખાનાના ડૉક્ટરોના નામની જાહેરાતની જેમ વિષય નિષ્ણાતોના નામોની જાહેરાતો થાય... ને કયા વિષયનું કેટલું રિઝલ્ટ આવ્યું તે આયે પાસ થવાની ગેરંટી પણ અપાય, ગેરંટીથી પાસ થવું એ તો ઘણું સારું... આમેય આપણાં બાળકો નસીબના જોરે જ પાસ થતાં હોય છે ને? માહિતીનો ભંડારો ભરાય છે જ્ઞાનની સરવાણી તો સરસ્વતી લુપ્તાની જેમ લુપ્ત જ હોય છે!

માંડ માંડ વિધાનસભાના સમાચારોમાંથી છૂટ્યાં, સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષની સંતાકૂકડી કે હૂ તુ તુ તુ...ની (ટાંટિયા ખેંચ) રમત બંધ થઇ ત્યાં બીજી ઉપાધી વળી. સાંભળવા છે સમાચાર, એક અગ્રણી છાપુ લખે છે કે ગુજરાત રાજયમાં છેલ્લા એક વર્ષમાં ૩૧૪૨ બાળકો ગુમ થયાં છે, છેલ્લા બે મહિનામાં ગુમ થયેલાં ૨૩ બાળકો તો હજુ આજ સુધી મળ્યાં નથી. સલામત ગુજરાતના બણગાં ફૂંકતા આપણા રીઢા રાજકારણીઓને થોડી યે શરમ હોય તો આપે આ પ્રશ્નનો જવાબ? કયાં છે સલામતી? નથી સ્ત્રીઓની સલામતી, નથી બાળકોની સલામતી, કે નથી ગરીબોની, સામાન્ય માણસોની સલામતી, એમને કયાં ઝેડ સિક્યુરીટી કે ઝેડ પ્લસ સિક્યુરીટી છે. પ્રજાના પૈસે તાગડધિન્ના કરતાં કહેવાતાં પ્રજાના પ્રતિનિધિઓને કોઇ પૂછો તો ખરાં? કે પ્રજાના પ્રતિનિધિને તે વળી સિક્યુરીટીની જરૂર હોય? રક્ષકો - કમાન્ડો, પોલીસોના ઘેરાવા વચ્ચે જીવવું એ કરતાં રાજકારણ છોડી દેવું સારું. સાચા અર્થમાં પ્રજા પ્રિય પ્રતિનિધિને તે વળી સિક્યુરીટી? કનુભાઇ કલસરિયાને કે મહેન્દ્ર મશરૂને તો વળી સિક્યુરીટી ગમે ય ખરી? જળ જેવું પારદર્શક જીવન જીવતા રાજધર્મ સાચવીને રાજકર્મ કરતા પ્રજાના સેવકોને તે વળી સલામતી શોધવી પડે?

બબ્બે મહિના વીતી ગયા 'વિશ્વા' નામની દીકરીને ગુમ થયે એ બે મહિના દરમિયાન બીજા ૨૩ બાળકો ગુમ થયાં! આ કેવો વિકાસ? કોનો વિકાસ? પ્રજા બધું જ જાણે છે. એને સરખું કરી લેતાં પણ આવડે છે. વખત આવે, પણ, ત્યાં સુધી ઘણું મોડું થઇ ગયું હશે, દોસ્ત! વિવેકાનંદની ઊંચાઇને તો ન પહોંચી શકાય પણ વિવેકાનંદની વાતને સમજી શકાય.

(અનુસંધાન પાના નં. ૭ પર)

અક્ષરનો અમર વારસો

માણસને પાછો આપો ઇતિહાસ

**માણસમાં જોજનવાં ઊંડે અલોપ
એવા માણસને કાઢવાને બહાર
હોય કોઇ માઇના પૂત-પુરાવિદ્ થાય
તત્પર તૈયાર
મોંહે-જો-દડોને હરપ્પા સૉંસરવી સદીઓનાં
માણસનાં મૂલ
સાચપનાં ઝળહળતાં મોતીનાં ઓજસથી
સીંચાયા માણસનાં કૂળ
આજ હવે પથ્થરના ઢેર નીચે, કાળમીંઢ
તાળામાં માણસ વ્યાકળ
પડતા મેલીને બધા લેખ શિલાલેખ
અને પાળિયાના પથ્થર અસવાર
માણસને કાઢવાને બહાર...
આભ ઊંચા આવાસો અવકાશે ફાળ
બધી માણસની ગૂંથેલી જાળ
પોતે પોતાને આ જ એવો ભૂલ્યો
કે નથી માણસને માણસની ભાળ
તોડો આ પહાડ અને ભેદો પાતાળ
કરો પથ્થરના થરમાં ઉલાળ
માણસને કાઢવાને બહાર
માણસને પાછો એનો આપો ઇતિહાસ (૨)
એના ઘસમસતા હાસ અને લીલા છમ્મ શ્વાસ
એના ખોયા વિશ્વાસ, એના આદીમ આવાસ
એના હંસોની હાર (૨)
એનાં આંસુ ચોધાર (૨)
માણસને પાછો એનો આપો ઇતિહાસ**

- ચન્દ્રકાન્ત દત્તાણી

કવિ ચન્દ્રકાન્ત દત્તાણીનો જન્મ તા. ૧૯-૫-૧૯૩૩ ના રોજ પોરબંદર ખાતે થયો હતો. તબીબી અભ્યાસ કરી વ્યવસાયે તબીબ તરીકે જ નામના કાઢી. 'નિતાન્ત', 'ઝળહળ સૂરજ', 'માઝમ રાત' જેવા જાણીતા કાવ્યસંગ્રહો પ્રગટ થયેલાં છે.

આજે તો બધામાં માણસ જ ખોવાયેલો છે! માણસમાં રહેલો, માણસ શોધવાની કવિની ઝંખના અપરંપાર છે, કોઇ સપૂત કોઇ પુરાતત્ત્વવેત્તા દટાઇ ગયેલા ધ્વંસ ટીંબામાંથી માણસ શોધી આપે તો! માણસનું કૂળ એટલે સત્યનું કૂળ સારપનું કૂળ એવું જળહળતું મોતી શું કૂળ!! કેમ હવે આજે પોષણના પોલાણમાં દટાઇ ગયું? કાળમીંઢ સમયનાં પ્રવાહમાં માણસ દટાઇ ગયો! માણસાઇથી ભર્યો ભર્યો ઉભરતો માણય ક્યાં? માણસે ગૂંથેલી જાળમાં જ માણસ ફસાયો છે શું? પોતાનું સાચું અસ્તિત્વ જ એ ભૂલી ગયો છે! એને એના પોતાની જ ભાળ નથી. એના ખોવાયેલાં લીલા છમ્મ શ્વાસ અને ખોવાયેલા વિશ્વાસ પાછા અપાવો કોઇ! એનો ગૂમાવેલો માણસ સાચા અર્થમાં માણસ કોઇ તો ગોતી આપો!!

- ભાનુપ્રસાદ પુરાણી

શબ્દની સુગંધ

મને જોવા દો

ધબકતા મહાનગરના ધબકારહીન આવાસો
મોટા મોટા સોફાને મોટા મોટા ટી.વી.,
મોંઘી મોંઘી કારપેટ ને મોંઘી મોંઘી લાઇટ,
મોટા મોટા પલંગ ને મોટા મોટા પડદા!
મોંઘી મોંઘી ક્રોકરીઝ ને મોંઘી મોંઘી કોસ્મેટિક
પરંતુ ભીંતરના ઓરડા સાવ ખાલીખમ
ન કોઇ હલચર ન કોઇ હસાહસ
ફટાફટ ખૂલતી અને ફટાફટ બંધ થતી
લીફ્ટની લાલ-લીલી લાઇટો જેવા સંબંધો
કોઇ તો મને કહો,
અહીં માણસો રહે છે કે હરતી ફરતી લાશો?
આ કૉંક્રીટની કબરો છે કે -
ખૂબ જતન કરીને શણગારેલાં સ્મશાન ગૃહો?

- ગોવિંદ શાહ

એમ.કોમ., એલ.એલ.બી. થયેલાં કવિ ગોવિંદ શાહ વ્યવસાયે વેપારી છે. વલ્લભ વિદ્યાનગર ખાતે કેમિકલ ઇન્ડસ્ટ્રીનું સંચાલન કરી રહ્યાં છે. 'તારે જમીન પર' ભાગ-૧ થી ૪ નું સંપાદન - લેખન કર્યું છે. એક કવિએ સાચું જ કહ્યું છે 'ડામરની સડકો, ને ચોરસ મકાનો! શહેરોમાં માણસ વસે છે જ ક્યાં? પૂ. રવિશંકર મહારાજ પણ કહેતાં ભેગાં મળીને જીવે એ ગામડાની સંસ્કૃતિ,' ભેગું કરીને જીવે એ શહેરની સંસ્કૃતિ!'

અહીં શહેર ધબકે છે જીવન નહીં! ભર્યાં ભર્યાં ઐશ્વર્યથી આવાસ છલકાય છે. ટી.વી., કાર્પેટ, સોફા, લાઇટ, પલંગ ને પડદા, ક્રોકેરીઝ ને કૉસ્મેટીક, વૈભવનું જાણે નિર્જીવ પ્રદર્શન! પણ... ભીંતરનું સૌંદર્ય, ભીંતરની સંવેદના - સાવ જડ જીવન લીફ્ટની લાઇટો જેમ ફટાફટ ખૂલે અને ફટાફટ બંધ થાય એવો શહેરી સંબંધો!! કવિ કહે છે અહીં માણસો જ ક્યાં રહે છે, રહે છે માત્ર રૉબોટ જેવી નિશ્ચેત લાશો! આવાં આવાસોને આપણે ઘર કહીશું કે કૉંકીટની કબરો? અથવા શણગારેલાં સ્મશાન ગૃહો!

- ભાનુપ્રસાદ પુરાણી

ટહુકો

''ગાંધીજીએ જે.પી.ને કહ્યું : 'જયપ્રકાશ! મારી પાસે બે મહોરાં હતાં, નહેરૂ અને પટેલ.' બંને હાથમાંથી ગયા. હવે વિરોધ ન કરો. જે થયું તે થયું. આપણે બન્નેને મેળવીશું.''

સૌજન્ય : 'જયપ્રકાશ અમારી નજરે'
- સં. નારાયણ દેસાઇ

''એક ભૂલ ગાંધીજીએ કરી. પાકિસ્તાનના નિર્માણનો વિરોધ ન કરીને, બીજી ભૂલ મેં કરી, ગાંધીજીની વાત માનીને!''

- જય પ્રકાશ

સૌજન્ય : અદ્‌ભૂત સંવેદનશીલ 'મનીષી'
સં - નાનાજી દેશમુખ

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩જી એપ્રિલ સેનાધિપતિ જનરલ માણેકશાંની જન્મતિથિ

ભારતીય દળના નિવૃત્ત સેનાધિપતિ જનરલ માણેકશાંની જન્મતિથિ ૩-૪-૧૯૧૪. નેફા મોરચે કાર્યભાર સંભળાનાર જનરલ માણેકશાં સૈનિકોમાં જુસ્સો અને નવચેતન લાવવામાં હંમેશાં સફળ રહ્યા.

સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક સહજાનંદ સ્વામીની જન્મતારીખ



ઉત્તર પ્રદેશનાં અયોધ્યા પાસેના છપૈયા ગામમાં સ્વામીનારાયણ સંપ્રદાયનાં આદ્ય સ્થાપક સહજાનંદ સ્વામીનોજન્મ ૩-૪-૧૭૮૧માંથયો. ધર્મપ્રચારકની સાથે મહદ્‌અંશે ગુજરાતમાં જ સમાજ સુધારણાનું કાર્ય કર્યું. સ્વામી નારાયણ સંપ્રદાયનું ધર્મશાસ્ત્ર 'શિક્ષાપત્રી અને તેઓશ્રીએ આપેલાં ૨૬૨ જેટલાં પ્રવચનોનું પુસ્તક 'વચનામૃત' સંપ્રદાયમાં ખૂબ જ લોકપ્રિય છે. સમસ્ત બ્રહ્માંડના સ્વામી ફક્ત 'નારાયણ' છે. આ રીતે સ્વામીનારાયણ મહામંત્ર આપ્યો. ૧૮૩૦માં તેઓ નિર્વાણ પામ્યા.

● ૧૯૬૦ ની ત્રીજી એપ્રિલથી ટપાલ વહેચવા માટે અમેરિકામાં ઘોડેસવાર ટપાલીની વ્યવસ્થા થઇ.